ક્રમાંક : શિ.નિ. /૨૦૨૧–૨૨ /STEM/ 5147

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વેરાવળ,
જિ. ગીર સોમનાથ.
તા. ૦૬/૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/આર.એમ.એસ.એ.,
સરકારી બિન સરકારી સેલ્ફ ફાઈનાન્સ શાળાઓ,
જિ. ગીર સોમનાથ.

વિષય : ગુજકોસ્ટ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે STEM કવીઝ સ્પર્ધાનું આયોજન
*(ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક કરોડ સુધીના ઈનામો જીતવાની સુવર્ણ તક)*
*સંદર્ભ : સંયુકત શિક્ષણ નિયામકશ્રી માધ્યમિક ના પરિપત્ર ક્રમાંક : ઘ/માધ્ય/પરચ/STEM/2021-22/22360-61*

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગીકી વિભાગ DST ના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) – ગાંધીનગર દ્વારા ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સાયન્સ ટેક્નોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટિકસ(STEM)કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધા સૌપ્રથમ ઓનલાઈન માધ્યમથી જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨) ના ગુજરાત સાયન્સ સીટી ખાતે ફાઈનલ યોજાશે. જેમાં ટોચના ૨ હજાર વિદ્યાર્થીઓને ગુજરાત સાયન્સ સીટી ખાતે નિશુલ્ક ટુર કરાવવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીઓને ૧ કરોડ સુધીના ઈનામો પુરસ્કાર રૂપે આપવામાં આવશે. આ સ્પર્ધામાં એક શાળામાંથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે જેમાં ભાગ લેવા માટે ફરજીયાત ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં નીચે આપેલી વેબસાઈટ પર આપેલી લીંક રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

https://gujcost.gujarat.gov.in આ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ સ્પર્ધા ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં રહેશે. આ સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરેલા વિદ્યાર્થીઓને સોફટ કોપીમાં પ્રશ્નબેંક પણ આપવામાં આવશે. ગીર સોમનાથ જીલ્લામાંથી ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓને આ કવીઝ વિષે વધુ માહિતી મેળવવા માટે શ્રી ધર્મભકિત જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર (CSC) – ગીર સોમનાથ ના ડાયેકટર નરેશ એન. ગુંદરણીયા ૯૯૭૯૨ ૫૫૧૫૫ વી.જી. કોટડીયા – ૯૯૭૯૨ ૯૦૯૬૫ અથવા ધર્મેશભાઈ મકાણી ૯૯૧૩૯ ૨૦૯૧૦ પર સંપર્ક કરવો.

ખાસ નોંધ : આપની શાળામાંથી બાળકો મહત્તમ રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્ન કરવાના રહેશે.

આભાર સહ...

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિ. ગીર સોમનાથ